RNI. No.GUJGUJ/2014/56392

# ક્રાઈમ કિંગ

Crime King

Weekly

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

*AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

*Year : 7 * Issue No. 35 *Date:18.12.2020 *Friday *Page :04 *Rs. 01.00 *Annual Rs. 50/-

## ભારત-બાંગ્લાદેશ વચ્ચે રેલ લિંકનું ઉદ્ઘાટન કર્યું

# ભારત-બાંગ્લાદેશ વચ્ચે ૫૫ વર્ષથી બંધ રેલવે જોડાણ શરૂ



ન્યુ દિલ્હી,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ ગુરુવારે ભારત-બાંગ્લાદેશ વર્ચ્યુઅલ સમિટમાં ભાગ લીધો હતો. બંનેએ સંયુક્તપણે ચિલહટી-હલ્દિબાડી રેલ્વે લિંકનું ઉદ્ઘાટન કર્યું હતું. આ દરમિયાન સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે, બાંગ્લાદેશ અમારી નેબરહુડ ફર્સ્ટ નીતિનો એક મહત્વપૂર્ણ સ્તંભ છે. બીજી બાજુ શેખ હસીનાએ ભારતના સહયોગની પ્રશંસા કરી છે.

ભારત-બાંગ્લાદેશના વર્ચ્યુઅલ સમિટ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના પીએમ શેખ હસીના સંયુક્ત રીતે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ચિલાહટી-હલ્દીબાડી રેલ લિંકનું ઉદઘાટન કર્યું હતું. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૫૫ વર્ષ બાદ કોઈ રેલ લાઈનનું ઉદઘાટન થયું છે. ઉલ્લેખનીય છે કે, ચીલ્હટી-હલ્દિબાડી રેલ્વે લિંક ભારત અને બાંગ્લાદેશ વચ્ચે છે. તે ફરી શરૂ કરવામાં આવી છે. આ લિંક ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૬૫ના યુદ્ધ દરમિયાન બંધ કરવામાં આવી હતી.

પીએમ મોદીએ કહ્યુ કે, બાંગ્લાદેશ અમારી નેબરહુડ ફર્સ્ટ નીતિનો એક મહત્વપૂર્ણ સ્તંભ છે. બાંગ્લાદેશ સાથે સબંધ મજબૂત કરવા પહેલા દિવસથી મારી માટે પ્રાથમિકતા છે. બીજી બાજુ, બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ કહ્યું કે, તમારી સરકારે જે રીતે મહામારીનો મુકાબલો કર્યો છે, તેના માટે મારે તમારી પ્રશંસા કરવી જોઈએ. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, આ મારી

## બાંગ્લાદેશ અમારી નેબરહુડ ફર્સ્ટ નીતિનો એક મહત્વપૂર્ણ સ્તંભ છે,પાડોશી પહેલા પોલિસીમાં બાંગ્લાદેશ મહત્વપૂર્ણ: મોદી

માટે ગર્વની વાત છે કે મને મહાત્મા ગાંધી અને બંગબંધુ શેખ મુજીબુર રહમાનની ડિજિટલ પ્રદર્શન જાહેર કરવાનું છે. તે અમારા યુવાઓને પ્રેરિત કરતા રહેશે. શેખ હસીનાએ કહ્યું કે, ભારત અને બાંગ્લાદેશ બન્ને વિજય દિવસ મનાવી રહ્યા છે. શેખ હસીનાએ આ દરમિયાન ૧૯૭૧ના યુદ્ધમાં શહીદ થયેલા ભારતીય જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. બંન્ને દેશે આજે હાઈડ્રોકાર્બન,કૃષિ, કાપડ તથા સામુદાયિક વિકાસ જેવા વિવિધ ક્ષેત્રોમાં સાત કરાર પર હસ્તાક્ષર કર્યા.

# આનંદો: હવે ઘરે બેઠા રીન્યુ કરી શકાશે કાચુ ડ્રાઈવિંગ લાઈસન્સ

ગાંધીનગર,તા.૧૭

કાચા ડ્રાઈવિંગ લાઈસન્સની ૬ માસની મુદ્દત પૂર્ણ થઈ જાય તો રિન્યૂ કરાવવા માટે અરજદારોએ આરટીઓ કચેરીમાં રૂબરૂ જવું પડે છે. પરંતુ રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા આ સિસ્ટમને ઓનલાઈન કરી દેવામાં આવી છે. જેથી અરજદાર પોતે ઘરેબેઠા કાચું લાઈસન્સ હવે રિન્યૂ કરી શકશે. આ સિસ્ટમના કારણે અરજદારોને આરટીઓ કચેરીના ધક્કામાંથી મુક્તિ મળશે. વાહન વ્યવહાર દ્વારા કરાયેલી વ્યવસ્થા પ્રમાણે **parivahan.gov.in** નામની વેબસાઈટ પરથી ઓનલાઈન કાચું લાઈસન્સ રિન્યૂ કરી શકશે.

અરજદાર ઘરે બેઠા લાઈસન્સ ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી શકશે. કોઈ અરજદાર પાસે ટૂ-વ્હીલરનું લાઈસન્સ હોય અને તેને ફોર વ્હીલરનું લાઈસન્સ કઢાવવું હોય તો, તેના માટે પણ આરટીઓ કચેરીમાં જઈ કાચું લાઈસન્સ મેળવવું પડતું હતું. પરંતુ હવેથી અન્ય વર્ગનું લાઈસન્સ મેળવવા માટે અરજદારે આરટીઓ કચેરીમાં જવું નહીં પડે. જેના માટે અરજદારે ઓનલાઈન જ ફી ભરીને વર્ગનો જાતે જ ઉમેરો થઈ જશે. વેરિફિકેશન અને એપ્રૂવલ થયા બાદ અરજદારે નિયત તારીખે માત્ર ડ્રાઈ વિંગ ટેસ્ટ માટે જ હાજર રહેવાનું થશે. આ ઉપરાંત ભયજનક માલનાં વહન




કરવા માટે એન્ડોર્સમેન્ટ માટે અરજદારે આરટીઓ કચેરીમાં જવું પડતું હતું. પરંતુ હવેથી જે મેન્યુઅલ સ્ટેમ્પિંગ કરાવવું પડતું તેમાંથી મુક્તિ અપાઈ છે.

# મહેસાણા દૂધ ઉત્પાદક સંઘના પૂર્વ એમડી બક્ષીના ૨૧મી ડિસેમ્બર સુધીના રિમાન્ડ મંજુર

અમદાવાદ,તા.૧૭

મહેસાણા દૂધ ઉત્પાદક સંઘના (દૂધસાગર ડેરી) પૂર્વ એમ.ડી. નિશિત બક્ષીની ધરપકડ બાદ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ દ્વારા તેમને રજૂ કરાતા અમદાવાદ સીટી સિવિલ અને શેષણ કોર્ટે આરોપીના ૨૧મી ડિસેમ્બર સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે. આ કેસના અન્ય બે આરોપી વિપુલ ચૌધરી અને મૌઘજી ચૌધરી પણ હાલ રિમાન્ડ હેઠળ છે. ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ દ્વારા આરોપી નિશિત બક્ષીના ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી જોકે કોર્ટે તેમના ૨૧મી ડિસેમ્બર સવારના ૧૧ વાગ્યા સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે. આ કેસમાં નિશિત બક્ષીના રિમાન્ડ મેળવવા માટે ક્રૈંઇ ક્રાઈમ દ્વારા ૧૩ કારણો રજૂ કરવામાં આવ્યા હતા. આરોપી નિશિત બક્ષી વર્ષ ૨૦૧૨થી મહેસાણા દૂધ ઉત્પાદક સંઘનો એમડી પદ ધરાવે છે અને તેમની સામે મહેસાણા બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુનો પણ દાખલ કરવામાં આવ્યો છે.

આ કેસમાં ફરિયાદી અને સાક્ષીઓ દ્વારા ૨૧મી ઓક્ટોબર ૨૦૧૯ના રોજ એમડી નિશિત બક્ષીને પત્ર લખવામાં આવ્યો હતો. જેમાં સરકારના ધારાધોરણ અને નિયમો પ્રમાણે આ વર્ષે દિવાળીના પહેલા સમયે કર્મચારીઓને ૮.૩૩ ટકા બોનસ ચૂકવવા સહમત થયા હતા.

આ સિવાય વધારાની કોઈ રકમ આપવા સહમત હતા નહીં પરંતુ કર્મચારીઓએ સારું કામ કર્યું હોવાથી તેમને વધારાના આપવાના ઠરાવને પાછળથી ઠરાવ બુકમાં લખી દીધેલ છે. આરોપીને આપવામાં આવેલા પત્ર વિશે શું કાર્યવાહી કરી તેની તપાસ કરવાની બાકી છે.

કર્મચારીઓને બોનસ પેટે ચૂકવવામાં આવેલ આ રૂપિયા કઈ રીતે અને કયા માધ્યમથી વિપુલ ચૌધરી ના એકાઉન્ટમાં જમા કરાવવામાં આવતા હતા. તેમાં આરોપીની શું ભૂમિકા હતી. તેની પણ તપાસ કરવાની બાકી છે. આ કેસમાં અન્ય કેટલાક લોકો સંડોવાયેલા છે અને દૂધસાગર ડેરીની રાજસ્થાન અને હરિયાણામાં કેટલી શાખાઓ છે અને ત્યાં કેટલા નાણાકીય વ્યવહાર કરવામાં આવ્યા છે તેની પણ તપાસની જરૂર હોવાથી આરોપીના રિમાન્ડ આપવામાં આવે. આ કેસના બે આરોપીઓ હાલ પોલીસ રિમાન્ડ પર છે ત્યારે ત્રીજા આરોપી એટલે કે નિશિત બક્ષીને પણ રિમાન્ડમાં સાથે રાખી એકસાથે પૂછપરછ કરવાની જરૂર છે.

# બનાસકાંઠામાં બે દિવસથી ગુમ યુવાનની લાશ ઘરની ટાંકીમાંથી મળી આવતા ચકચાર

બનાસકાંઠા,તા.૧૭

બનાસકાંઠાના ડિસામાં બે દિવસ પહેલા ગુમ થયેલા યુવકની લાશ તેના જ ઘરની પાણીની ટાંકામાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

બનાવને પગલે આજુબાજુના લોકો અને ડીસા દક્ષિણ પોલીસ ઘટનાસ્થળે પહોંચી લાશને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના બાદ પરિવાર પર જાણે દુખોનો પહાડ પડ્યો છે.

ડીસામાં બે દિવસ પહેલા ગુમ થયેલા યુવકની તેના જ ઘરમાંથી લાશ મળી આવી હોવાની ઘટના સામે આવી છે, ડીસાની સરસ્વતી સોસાયટી ખાતે રહેતા ધવલ પ્રવીણભાઈ ઠક્કર નામનો ૨૯ વર્ષીય યુવક મેડિકલનો વ્યવસાય કરતો હતો. જે બે દિવસ અગાઉ ૧૫ તારીખે ઘરેથી અચાનક ગુમ થઈ જતા તેના પરિવારજનોએ ડીસા પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ આપી તેની શોધખોળ હાથ ધરી હતી.

તે દરમિયાન આજે વહેલી સવારે યુવકના પરિવારજનો બ્રશ કરી રહ્યા હતા તે સમયે પાણીમાંથી દુર્ગંધ આવતા તપાસ કરતા પાણીના ટાંકા માંથી આ યુવકની લાશ મળી આવતા પરિવારના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. આ ઘટનાની જાણ કરતા આજુબાજુના લોકો અને પોલીસ પણ આવી પહોંચી હતી. તેમ જ યુવકની લાશને પાણીની ટાંકીમાંથી બહાર કાઢી પીએમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી. આ બનાવ અંગે ડીસા દક્ષિણ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નથી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## તંત્રી સ્થાનેથી......

ખેડૂત આંદોલનનો આજે ૨૨મો દિવસ છે. કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ બિલના વિરોધમાં ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના નેતાઓએ દિલ્હી બોર્ડર પાસે બેઠક કરી હતી. આ બેઠકમાં તાલુકા સ્તરેથી ખેડૂતોને એકત્ર કરીને દિલ્હી પહોંચડવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી આગામી ૧૫ દિવસમાં ૧૦,૦૦૦ ખેડૂતો દિલ્હી પહોંચે તેવી અપેક્ષા છે, એમ કિસાન સંઘર્ષ સમિતિનાં સૂત્રોનું કહેવું છે. બીજી બાજુ, રાજ્ય સરકારે પણ ખેડૂતો આંદોલનમાં જોડાય નહીં એટલે પ્રધાનોને કામે લગાડ્યા છે. રાજ્યના ખેડૂતોને કૃષિલક્ષી ત્રણ બિલના વિરોધમાં આંદોલનમાં જોડવાનું ઝુંબેશ ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિએ હાથ ધર્યુ છે. તાલુકા સ્તરેથી ગામડાઓનું સંકલન કરીને ખેડૂતોને દિલ્હી પહોંચાડવાનું નક્કી કરવામાં આવ્યું છે તેમ સંઘર્ષ સમિતિ વતી કોંગ્રેસ કિસાન મોરચાના પાલ આંબલિયાએ જણાવ્યું હતું. પ્રથમ તબક્કે તાલુકાદીઠ ઓછામાં ઓછા ૧૦-૧૦ ખેડૂતોને અને બીજા તબક્કે દરેક તાલુકામાંથી ૩૦-૩૦ ખેડૂતોને દિલ્હી પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂત આગેવાન પાલ આંબલિયાએ કહ્યું હતું કે અન્ય ખેડૂત સંગઠનોના આગેવાનો ૮૦ ખેડૂતો સાથે દિલ્હી પહોંચ્યા છે. ગુજરાતથી દિલ્હી પહોંચેલા ખેડૂતોનો સૂર છે કે અમે ધરણાં પર બેસી ત્રણ કાળા કાયદાનો વિરોધ કરતાં રહીશું.

### કોરોના કાળમાં બીજું અને આ વર્ષનું છેલ્લું મિશન

# ઈસરોએ ૪૨મો કમ્યુનિકેશન સેટેલાઈટ લોન્ચ કર્યો



શ્રીહરિકોટા,તા.૧૭

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનએ ગુરુવારે શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી કમ્યુનિકેશન સેટેલાઈટ (CMS-01)નું લોંન્ચિંગ કર્યું છે. આ લોંન્ચિંગ બપોરે ત્રણ વાગેને ૪૧ મિનિટ પર PSLV-C50 રોકેટ દ્વારા કરવામાં આવ્યું હતુ. કોરોના કાળમાં સેટેલાઈટનું આ બીજું પ્રક્ષેપણ છે. CMS-01એ ભારતનો ૪૨મોં સંચાર ઉપગ્રહ છે. તે ભારતના ભૂમિ વિસ્તાર ઉપરાંત અંદમાન નિકોબાર અને લક્ષદ્વીપને આવરી લેશે. આ વર્ષનું ઈસરોનું આ છેલ્લું મિશન પણ છે.

આ સેટેલાઈટ સાત વર્ષ સુધી કામ કરશે. ૪૪ મીટર ઉંચા ચાર-સ્ટેજવાળા PSLV-C50 'XL' કોન્ફિગ્રેશનમાં PSLVની આ ૨૨મી ઉડાન છે. નોર્મલ કોન્ફિગ્રેશનમાં PSLV ચાર તબક્કા/એન્જિનવાળું રોકેટ છે. કોઈ મિશન માટે ઉપયોગમાં લેવાતા રોકેટની પસંદગી સેટેલાઈટના વજન અને તેની ભ્રમણકક્ષા પર આધારિત છે જ્યાં સેટેલાઈટને ચક્કર લગાવવાના છે. લોંચ થયાના ૨૦ મિનિટ પછી PSLV-C50 સેટેલાઈટને ઈજેક્ટકરી દેશે. CMS-01 ઓર્બિટમાં GSAT-12ની જગ્યા લેશે. ૧૧ જુલાઈ, ૨૦૧૧ના રોજ ૧,૪૧૦ કિલો વજનનું GSAT-12ને લોન્ચ કરવામાં આવ્યો હતો. તેનું આયુષ્ય આઠ વર્ષનું હતુ. આ પહેલાં જીઈએ સતિષ ધવન સ્પેસ સેન્ટરથી અર્થ ઓબ્જર્વેશન સેટેલાઈટ -1 (EOS-1) લોન્ચ કર્યો હતો. તે રડાર ઈમેજિંગ સેટેલાઈટ છે. PSLV-C49 રોકેટ દ્વારા દેશના EOS-1ની સાથે ૯ વિદેશી ઉપગ્રહો પણ મોકલવામાં આવ્યા હતા.

### ઈશાન ભારતમાંથી આવતા ઠંડા પવનને કારણે રાજ્યમાં વધશે ઠંડી


# હજુ ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં આવે: હવામાન વિભાગ

અમદાવાદ,તા.૧૭

ઈશાન ભારતમાંથી આવતા ઠંડા પવનના કારણે ગુજરાતમાં શીતલહેર અનુભવાઈ રહી છે. બુધવારે ગુજરાતમાં સૌથી ઓછું તાપમાન કચ્છ જિલ્લાના નલિયામાં આઠ ડિગ્રી સેલ્સિયશ નોંધાયુ હતું. આ ઉપરાંત આજે ગાંધીનગરમાં ૧૫ અને અમદાવાદમાં ૧૬.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં પણ છેલ્લા અઠવાડિયાથી તાપમાન ૧૬થી ૧૭ ડિગ્રી આસપાસ પહોંચ્યું છે. આ સાથે હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૨૦ ડિસેમ્બરથી ૧૦ જાન્યુઆરી દરમિયાન અમદાવાદ સહિત ગુજરાતમાં કડકડતી ઠંડી પડવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યાં પ્રમાણે, હજુ ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં આવે અને તે બાદ ઠંડીનો પારો વધારે ગગડવાની શક્યતા છે.

રાજ્યમાં શરૂ થયેલા ઉત્તર-પૂર્વીય ઠંડા પવનની અસરથી રાજ્યનાં મોટાભાગના શહેરોના લઘુતમ તાપમાનમાં ઘટાડો થયો છે. નલિયા ૮.૦ ડિગ્રી સાથે સૌથી ઠંડુ રહ્યું હતું. ૧૨ શહેરોમાં ઠંડીનો પારો ૧૪ ડિગ્રીથી નીચે નોંધાયો છે. શહેરમાં વહેલી સવારથી ૧૦થી ૧૫ કિલોમીટરની ગતિએ ફૂંકાયેલા પવનથી આખો દિવસે લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો.

આગામી દિવસોમાં ઉત્તર-દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ઠંડીનું જોર વધવાની શક્યતા



છે.અમદાવાદનું મહત્તમ તાપમાન ૩ ડિગ્રી ગગડીને ૨૬.૬ અને લઘુતમ તાપમાન ૧ ડિગ્રી ગગડીને ૧૬.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે, ગાંધીનગરમાં ૧૫ ડિગ્રી, વડોદરામાં ૧૬.૪, ડીસામાં ૧૨.૬, કંડલા એરપોર્ટ પર ૧૨.૫, અમરેલીમાં ૧૩.૮, દ્વારકામાં ૧૫.૮, રાજકોટમાં ૧૦.૪ અને વેરાવળમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

ઉત્તર ભારતની વાત કરીએ તો, કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા વધતા હવે તેની અસર ઉત્તર ભારતની સાથે પશ્ચિમ, પૂર્વ અને મધ્ય ભારતમાં પણ જોવા મળી રહી છે. સતત બીજા દિવસે કાશ્મીરના ગુલમર્ગમાં તાપમાન માઈનસ ૧૦ ડીગ્રીથી નીચું રહ્યું હતું. બુધવારે ગુલમર્ગનું તાપમાન માઈનસ ૧૧.૭ ડીગ્રીએ પહોંચી ગયું હતું. જ્યારે દેશની રાજધાની દિલ્હીમાં તાપમાન ૫.૮ ડીગ્રી નોંધાતા લોકો ઠુંઠવાયા હતા.

# અમદાવાદમાં સાસુ દેવી બની હેરાન પરેશાન કરતા મહિલાએ નોંધાવી ફરિયાદી




અમદાવાદ,તા.૧૭

શહેરના મધ્યમવર્ગની પરિણીતાને તેની સાસુ નગ્ન થઈને દેવી છું, કહીને સતત ડરાવતી હતી. પરિણીતાએ દીકરીને જન્મ આપ્યા બાદ તેની સાથે સાસરિયાં એટલી હદે હેરાન કરતાં હતાં કે તેને સંડાસની બાજુમાં બેસીને જમવા માટે મજબૂર કરતાં હતાં. સતત ત્રાસથી પરેશાન પરિણીતાએ આખરે મહિલા પોલીસ સ્ટેશનનો દરવાજો ખખડાવ્યો છે. હાલ પોલીસ આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે. ઘણી વખત અંધશ્રદ્ધા એટલી હદે હાવી થઈ જાય કે પોતાની સાથે અન્ય લોકોનું જીવવું દોખજ બનાવી દે છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં રહેતી દીપા(નામ બદલ્યું છે)ના લગ્ન પોતાના સમાજના રિવાજ મુજબ થયાં હતાં. મધ્યમવર્ગ પરિવારમાં દીપા પરણીને ગઈ, ત્યાર બાદથી તેના લોભી અને લાલચુ સાસરિયાંએ તેના પર ત્રાસ ગુજારવાનું શરૂ કરી દીધું હતું. આ સતત ત્રાસ અંગેની વાત દીપાએ તેના ભાઈને કહી હતી. સાસરિયાં અને પતિએ કોઈ સમાધાન ન કરતાં આજે દીપાને કોઈના ત્યાં પોતાની દીકરી સાથે રહેવું પડે છે. જ્યારે દીપાએ આ સમગ્ર હકીકત પોલીસને જણાવી તો મહિલા પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં દીપાની ફરિયાદના આધારે ગુનો નોંધીને તપાસ શરૂ કરી દેવાઈ છે.

### ભાવનગર શિક્ષણ સમિતિનો વિચિત્ર પરિપત્ર

# સર્વે માટે મેડિકલી ફિટ ન હોય તેવા શિક્ષકોને સ્વૈચ્છિક નિવૃત્તિનો આદેશ



ભાવનગર,તા.૧૭

કોરોના વેક્સીનના ડોર ટુ ડોર સરવે વચ્ચે ભાવનગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા વિચિત્ર પરિપત્ર કરવામાં આવ્યો છે. રસીકરણની કામગીરીનો ઓર્ડર રદ કરાવેલા શિક્ષકો માટે આ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ, મેડિકલી ફિટ ન હોય તેવા શિક્ષકોને સ્વૈચ્છિક નિવૃત્તિનો આદેશ આપવામાં આવ્યો છે. અસક્ષમ શિક્ષકોને સ્વૈચ્છિક નિવૃત્ત થવા માટે ફરમાન કરાયું છે. વિવાદિત પરિપત્રને પગલે શિક્ષકોમાં રોષની લાગણી જોવા મળી છે.

આ અંગે શિક્ષક મહાસંઘે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને

### પરિપત્રથી શિક્ષકો નારાજ, ભુપેન્દ્રસિંહને કરાઈ લેખિત રજૂઆત

રજૂઆત કરી છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ ૧૦૦% શિક્ષકોને સરવેની કામગીરી સોંપવા સામે વિરોધ કર્યો છે. પ્રથમ ૫૫ વર્ષથી ઉપરના શિક્ષકોએ રસીકરણનો ઓર્ડર રદ કરવા રજૂઆત કરી છે. ત્યારે ઓર્ડર રદ કરાવનારા શિક્ષકો પાસે શારીરિક ફિટનેસ સર્ટિફિકેટ માંગવામાં આવ્યા છે.

શિક્ષકોને રજૂઆત કરતા કહ્યું કે, ૫૫ વર્ષથી ઉપરના શિક્ષકો શૈક્ષણિક કામગીરી તો સારી રીતે કરી શકે છે, પરંતુ કોરોના કાળમાં ફિલ્ડ વર્ક તેઓ માટે મુશ્કેલ સાબિત થઈ શકે છે. ઘરે-ઘરે ફરી ૫૦ વર્ષથી ઉપરના નાગરિકોના સર્વેની કામગીરી પચાસ વર્ષથી ઉપરના શિક્ષકોને સોંપાતા સંક્રમણનો ખતરો વધે છે. શિક્ષકોનું કહેવુ છે કે, આ કામગીરી ઘરે ઘરે જઈને કરવાની છે, જ્યારે શિક્ષણની કામગીરી ક્લાસમાં રહીને કરે છે.

ભાવનગર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારીના પરિપત્રથી શિક્ષકો નારાજ થયા છે.શિક્ષકોએ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને લેખિત રજૂઆત કરી હતી.૧ ડિસેમ્બરના પરિપત્રમાં શાળામાં ૧૦૦ ટકા હાજરી અંગે સુચના આપવામાં આવી હતી. તો ૧૪ ડિસેમ્બરે કરેલા પરિપત્રમાં શારીરિક તકલીફ વાળા શિક્ષકો કોરોના સર્વે કરવા નહી જાય તો ફિટનેસ સર્ટી રજૂ કરવા જણાવાયુ હતુ. જો કે આ પરિપત્ર રદ કરવા શિક્ષણમંત્રીને રજૂઆત કરાઈ હતી.

# ઓનલાઈન શિક્ષણમાં તાણ અનુભવતી સુરતની વિદ્યાર્થીનીએ આત્મહત્યા કરી



સુરત,તા.૧૭

કોરોના લઈને ઓનલાઈન અભિયાસ પડતી તકલીફને લઈને સુરતની વિદ્યાર્થીનીએ આપઘાત કર્યો છે. મોટા વરાછા ખાતે રહેતી પ્રગતિ નામની તરુણી ગળેફાંસો ખાઈને આત્મહત્યાનો રસ્તો અપનાવ્યો છે. પ્રગતિને ધોરણ ૧૧ કોમર્સમાં ઓનલાઈન અભ્યાસને લઈને તકલીફ પડતી હતી. અભ્યાસને લઈને માનસિક તાનમાં રહેતી કિશોરીના આ પગલાથી તેના પરિવારમાં શોક વ્યાપી ગયો છે. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સુરતના આ વિદ્યાર્થીની માનસિક તણાવમાં આવી ગઈ હોય તેવું કહી શકાય છે.

તેના પિતાએ કહ્યું કે, તેને ઓનલાઈન શિક્ષણ ફાવતુ ન હોવાથી તે તાણ અનુભવતી હતી. તે સતત ચિંતામાં તે ચિંતામાં રહેતી હતી. તેથી તેણે આ પગલુ ભર્યું હોઈ શકે છે. ત્યારે યુવતીના પગલાથી આખો પરિવાર શોકમગ્ન બની ગયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વરાછા વિસ્તારમાં રહેતા કમલેશભાઈ લુણાગરીયાની દીકરી પ્રગતિ ધોરણ ૧૧માં ભણે છે. જ્યારથી લોકડાઉન શરૂ થયું ત્યારથી વિદ્યાર્થીઓને ઓનલાઈન લોકડાઉનનો સહારો લેવો પડ્યો હતો. તેથી પ્રગતિ માટે આ શિક્ષણ બહુ જ અઘરુ બની રહ્યું હતું. તે સતત ટેન્શનમાં રહેતી હતી. આશાદીપ શાળામાં માતા સાથે પેપર લઈ પ્રગતિ ઘરે આવતી હતી રસ્તે માતા ને કોઈ કામ યાદ આવી જતા બજાર ચાલી ગયા હતા. પ્રગતિ ઘરે આવી ઓનલાઈન પરીક્ષાની તૈયારી કરી રહી હતી. દાખલામાં કંઈ સમજ ન પડતા એ પાડોશમાં રહેતી અને કોલેજમાં અભ્યાસ કરતી બહેનપણી પાસે દાખલા શીખવા ગઈ હતી. જ્યાં એને દાખલા સમજાવી બહેનપણી એ ના સમજ પડે તો ફરી આવજે એમ કહ્યું હતું.


# અમદાવાદમાં ૯૯ વર્ષના દાદીએ કોરોનાને મ્હાત આપી બન્યા પ્રેરણા

કોરોના વાયરસ એક તરફ મોટી ઉંમરનાં અને બીમારી ધરાવતાં લોકોનો સૌથી વધુ ભોગ લઈ ચૂક્યો છે. આવી પરિસ્થિતીમાં અમદાવાદના મણિનગર રેલ્વે ક્રોસિંગ પાસે રહેતાં ૯૯ વર્ષના લલિતા બાએ કોરોના હાથતાળીને આપી નવું જીવન મેળવ્યું છે. આત્મબળ અને ભક્તિભાવથી લલિતા બાએ કોરોનાને હરાવ્યો હોવાની ચર્ચા સમગ્ર મણિનગર વિસ્તારમાં ચર્ચાના ચકડોળે ચડી છે. વાસ્તવમાં અમદાવાદમાં સ્થાઈ લલિતાબાના પુત્ર વિનોદભાઈને કોરોના થતાં હોસ્પિટલમાં દા ખલ કરવા પડ્યા હતા. ત્યારબાદ પુત્રવધૂ પણ પોઝિટીવ આવતાં તેઓ હોમ કોરેન્ટાઈન થયા હતા પરંતુ સમય જતા બાની તબિયત લથડી અને કોરોના ટેસ્ટ કરાવ્યા બાદ લલિતા બા પણ કોરોના સંક્રમિત હોવાનું સામે આવ્યું હતું. કોરોના પોઝિટીવ હોવાથી લલિતા બા ઘરે જ હોમ કોરેન્ટાઈન થયા હતા. તેમની માટે બહારથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમય જતા પુત્ર અને પુત્રવધુ કોરોના પર વિજય પ્રાપ્ત કર્યો હતો પરંતુ માતાને કોરોનાની ચિંતા થયા કરતી આખરે ૧૫ દિવસ બાદ લલિતા બા ફરી બેઠા થયા અને કોરોનાને મ્હાત આપી.

# લોકગાયિકા કાજલ મહેરિયાની મુશ્કેલીઓ વધી, નોંધાઈ વધુ એક ફરિયાદ

અમદાવાદ,તા.૧૭

ગુજરાતી સિંગર કાજલ મહેરિયાના હાલના દિવસો ભારે લાગી રહ્યા છે. લોકગાયિકા કાજલ મહેરિયા સામે વધુ એક ફરિયાદ દાખલ થઈ છે. બનાસકાંઠાના



થરાદમાં લગ્નપ્રસંગે ભીડ એકઠી કરી હતી, જે સંદર્ભે પોલીસ ફરિયાદ થઈ છે. બનાસકાંઠાના થરાદમાં કેસર ગામમાં લગ્નપ્રસંગમાં રાસગરબાનું આયોજન થયું હતું. તેમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થઈને ગરબા રમ્યા હતા. જેના કારણે કોરોના મહામારીમાં બનાવેલા નિયમોના સરેઆમ ધજાગરા ઉડ્યા હતા. જેથી થરાદ પોલીસે વરરાજા, કાજલ સહિત ૩ સામે ગુનો નોંધ્યો છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, બનાસકાંઠાના થરાદ તાલુકામાં કેસર ગામ આવેલું છે, જ્યાં એક લગ્ન પ્રસંગે ભીડ એકઠી કરનાર લોકગાયિકા કાજલ મહેરિયા સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. કેસર ગામે નાગજીભાઈ નાઈએ પોતાના પુત્રને લગ્નમાં કાજલ મહેરિયાને બોલાવી રાસગરબાનું આયોજન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભીડ ભેગી થઈ હતી. ત્યારે થરાદ પોલીસે વરરાજા અને ગાયિકા કાજલ મહેરિયા સામે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

છેલ્લા બે-ત્રણ દિવસમાં કાજલ મહેરિયા સામે નોંધાયેલો આ બીજો ગુનો છે. બે દિવસ પહેલા કાજલ મહેરિયા સામે વીસનગર તાલુકામાં ફરિયાદ નોંધાઈ હતી. એટલું જ નહીં, બે દિવસ પહેલા કોરોના મહામારીમાં તાજેતરમાં જ મહેસાણાના વિસનગરમાં વાલમ ગામે યોજાયેલા લગ્ન પ્રસંગમાં લોક ગાયિકા કાજલ મહેરિયાના ગીતોના તાલે નાચતા જાનૈયાઓ માટે આફત આવી હતી. વરઘોડામાં ૧૦૦થી વધુ લોકોનું ટોળું એકઠું થતા પોલીસ ફરિયાદ થઈ હતી.

# જેતપુરની પરિણીતા-દીકરીનો નંબર પતિની પ્રેમિકાએ વાઈરલ કરતા નોંધાઈ ફરિયાદ


જેતપુર,તા.૧૭

રાજકોટનાં જેતપુરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં મુંબઈની એક મહિલાએ જેતપુરમાં રહેતી પરિણીતા અને તેની દીકરીના ફોટા સહિત મોબાઈલ નંબર સોશિયલ મીડિયામાં વાઈરલ કરી દીધા હતા. જેને કારણે હેરાન પરેશાન થયેલી પરિણીતાએ આ મામલે જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેતપુર ખીરસરા ગામે રહેતી પરિણીતાને ધમકાવી મુંબઈની મહિલાએ ફોટા અને ફોન નંબર ફેસબુક પર મુક્યા છે. મુંબઈની આ મહિલા તેના પતિની પ્રેમિકા છે. પરિણીતા દ્વારા પતિ સામે કોર્ટમાં કરેલાં કેસ પાછા ખેંચવા મુંબઈની મહિલા સતત ધમકીઓ આપી રહી છે. જે બાદ મુંબઈની મહિલાએ પરિણીતાનાં તેમજ




દીકરીના ફોટા અને મોબાઈલ નંબર સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યાં છે. આ ઉપરાંત મુંબઈની મહિલાએ પરિણીતાને ધમકી આપી છે કે તેના પતિ સાથે છૂટાછેડા લઈ લે નહીં તો તને મારી નાખીશ. ધમકીનાં પગલે ગભરાયેલી પરિણીતાએ આ મામલે જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પરીણિતાનાં ફોટા અને નંબર વાયરલ કરતાં પરીણિતાને રોજ અશ્લીલ વિડીયો કોલ આવી રહ્યા છે. જેને કારણે તેઓ ખુબ જ પરેશાન છે.

# અમદાવાદમાં મ્યુકર માઈક્રોસીસથી પીડાતા ૪૪ કેસ સિવિલમાં, ૯ના મોત



અમદાવાદ,તા.૧૭

રાજયમાં કોરોના મહામારીનો કેર જોવા મળી રહ્યો છે. આ વચ્ચે નવી એક બીમારી સામે આવી છે. કોરોનાથી સ્વસ્થ થયેલા અને ડાયાબિટિસથી પિડાતા દર્દીઓમાં મ્યુકર માઈક્રોસીસ નામની બીમારી થઇ રહી છે.અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૪૪ દર્દી આ બીમારીની સારવાર માટે આવ્યા છે જેમાંથી ૯ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. કોરોના પછી થતી આ બીમારી અંગે કેન્દ્ર સરકારે એલર્ટ જાહેર કર્યુ હતું,

ગુજરાત સરકારે આ એલર્ટની વાત લોકોથી છુપાવી રાખી હતી જેને કારણે દર્દીઓએ વિકાસસીલ ગુજરાતમાં પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આ બીમારીમાં એક પ્રકારનું ફંગસ જોવા મળે છે, જે નાકમાં રહેલા હાડકાંને કોતરી ખાય છે. આ બીમારીની અસર આંખ અને મગજ પર પણ થાય છે અને અંધાપો આવે છે. આ બીમારી કેન્સર કરતા પણ ઝડપથી પ્રસરી રહી છે. કોરોના વાયરસથી સ્વસ્થ થયેલા અને ડાયાબિટિસ કે અન્ય કોઇ બીમારીથી પીડાતા દર્દીઓની એન્ટી બોડી જનરેટ થઈ ગઇ છે, હવે કઇ નહી થાય તેમ માનવાની જરૂર નથી, ઉલટુ વધુ સાવચેત રહેવાની જરૂર છે.

કોરોનાને મ્હાત આપનારા દર્દીઓ હવે મ્યુકર માઈક્રોસીસ નામની બીમારીમાં સપડાઈ રહ્યા છે. આ બીમારીના લક્ષણોમાં શરદી, થોડાક સમય પછી નાક બંધ થઈ જવુ, રસી પડવી અને અઠવાડિયા પછી નાકમાં ગાંઠ થઈ હોય તેવું લાગે છે. જે માટે સિટી સ્કેન કરવુ પડે છે.આ બીમારીમાં એક પ્રકારનું ફંગસ જોવા મળે છે, જે નાકમાં રહેલા હાડકાંને કોતરી ખાય છે. આ બીમારીની અસર આંખ અને મગજ પર પણ થાય છે અને અંધાપો આવે છે

# છૂટાછેડાની બીકે પ્રેમી પર ખોટો દુષ્કર્મનો આરોપ મૂક્યો, ૧૮૧એ કરાવ્યું સમાધાન




અમદાવાદ,તા.૧૭

શહેરમાં અનેક દુષ્કર્મના કિસ્સા સામે આવે છે, જેમાં ઘણા કિસ્સામાં બંને વચ્ચે પ્રેમપ્રકરણ હોય છે અને બાદમાં કોઈ વાંધો પડતાં યુવતી યુવક સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવતી હોય છે. આવા કિસ્સામાં યુવકની જિંદગી બરબાદ થઈ જતી હોય છે, પરંતુ ક્યારેક સાચી સમજાવટથી કેટલાક યુવકોની જિંદગી પણ બચી શકે છે.

મહિલા હેલ્પલાઇનને અમદાવાદ ગોતા વિસ્તારમાં રહેતા યુવક પર ૧૯ વર્ષીય પરિણીતાએ યુવક સામે ઘરમાં ઘૂસી દુષ્કર્મના કોશિશની ફરિયાદ કરી હતી. મહિલા હેલ્પલાઇને પરિણીતાને સાચી હકીકત પૂછતાં બંને વચ્ચે પ્રેમસંબંધ છે અને અવારનવાર મળતાં હતાં. દરમિયાન કોઈ સંબંધી જોઈ જતા પતિ સાથે છૂટાછેડા ન થાય અને તેને પિયર ન જવું પડે એના માટે યુવક પર દુષ્કર્મની કોશિશનો આરોપ મૂક્યો હતો. પ્રેમનો ભાંડો ફૂટી જશે અથવા અન્ય કોઈ રીતે પતિને જાણ થશે તો પિયર મોકલી દેશે.

માતા-પિતાને પણ જાણ થશે તો આ રીતે તકલીફમાં મુકાઈ જશે, જેથી આ સમગ્ર બાબતનું કોઈને જાણ ન થાય એ રીતે સમાધાન લાવવા મહિલા હેલ્પલાઇનને વિનંતી કરી હતી. મહિલા હેલ્પલાઇનની ટીમે યુવક અને પરિવારજનો સાથે વાતચીત કરી, હવે સંબંધ ન રાખવા અને ફોન-મેસેજ ન કરવા સમજાવી સમગ્ર સમસ્યાનું હકારાત્મક સમાધાન લાવ્યા હતા.

## કોરોના રસીનું સફળ પરીક્ષણ

# ભારત બાયોટેકે બનાવેલી સ્વદેશી વેક્સિનની પહેલી ટ્રાયલ સફળ

### વિદેશી પોર્ટલ પર રજૂ કરવામાં આવેલા તારણોમાં ભારત બાયોટેકની રસી અસરકારક હોવાનું અનુમાન




ન્યુ દિલ્હી,તા.૧૭

ભારત બાયોટેકની સ્વદેશી કોરોના રસી કોવેક્સીનના પ્રથમ ફેઝના ક્લિનિકલ ટ્રાયલમાં મજબૂત ઈમ્યુન રિસ્પોન્સ જોવા મળ્યો છે. ટ્રાયલ દરમિયાન આ વેક્સીનનું કેટલાક વોલન્ટિયર પર ટ્રાયલ કરવામાં આવ્યું હતું અને તેમનામાં કોઈ આડઅસર જોવા મળી નથી. પ્રથમ તબક્કાના ક્લિનિકલ પરીક્ષણના વચગાળાના પરિણામોથી ખ્યાલ આવ્યો છે કે તમામ વયુજૂથના લોકો પર આ વેક્સીનની પ્રતિકૂળ અસર અથવા ગંભીર અસર જોવા મળી નથી. વિદેશી પોર્ટલ મેડઆરએક્સઆઈવીએ દાવો કર્યો છે કે ભારતની સ્વદેશી વેક્સીન સંપૂર્ણ રીતે અસરકારક છે. ભારત બાયોટેકની આ રસીના પ્રથમ તબક્કાનું ક્લિનિકલ પરીક્ષણ સપ્ટેમ્બરમાં પૂર્ણ થયું હતું, જેના પરિણામો હવે સાર્વજનિક કરવામાં આવ્યા છે.

૨૦૨૦નું વર્ષ પૂર્ણ થવા તરફ આગળ વધી રહ્યું છે અને સાથે જ કોરોના વાયરસ સામેનો જંગ હજી પણ ચાલુ છે. રસીને લઈને સકારાત્મક અહેવાલો મળી રહ્યા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના સહયોગથી ભારત બાયોટેક દ્વારા વિકસાવવામાં આવેલી સ્વદેશી કોવિડ ૧૯ વેકસીન 'કોવેક્સીન'ના પ્રથમ તબક્કાના ક્લિનિકલ ટ્રાયલના વચગાળાના પરિણામો પરથી ખ્યાલ આવ્યો છે કે આ રસીથી તમામ વયજૂથના લોકો પર કોઈ આડઅસર નથી જોવા મળી. આ રસી સારી રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

ટ્રાયલ્સમાં ફક્ત એક ગંભીર મામલો સામે આવ્યો હતો. એક વોલન્ટીયરને ૩૦ જુલાઈએ રસી આપવામાં આવી હતી. પાંચ દિવસ બાદ તેનામાં કોવિડ ૧૯ના લક્ષણો જોવા મળ્યા હતા. સાર્સ-કોવરથી તે સંક્રમિત થયો હોવાનું જણાયું હતું. જો કે આ હળવા લક્ષણો હતા અને દર્દીને ૧૫ ઓગસ્ટના હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ન્યૂક્લિક એસિડ પરિણામ નેગેટિવ આવ્યા બાદ વોલન્ટિયરને ૨૨ ઓગસ્ટના હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ રસીના પરીક્ષણ માટે ૧૧ હોસ્પિટલમાં અલગ અલગ સ્થળે ૩૭૫ વોલન્ટીયરોને રસીનો ડોઝ આપવામાં આવ્યો હતો.

મેડઆરએક્સઆઈવી પોર્ટલના પર જાહેર ડેટા મુજબ આ રસીથી એન્ટીબોડી વિકસી છે. નિષ્ણાતો દ્વારા ઔપચારિક રીતે આ રિપોર્ટનું મૂલ્યાંકન કરાય તે પૂર્વે તેને જાહેર કરી પોર્ટલ પર મૂકવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ ફક્ત એક કેસમાં ગંભીર અસર જણાઈ હતી પરંતુ તેને રસીકરણથી જોડવામાં નથી આવ્યો.

કોવેક્સીનની સુરક્ષા અને પ્રભાવના આકલન માટે પ્રથમ તબક્કાનું ક્લિનિકલ ટ્રાયલ કરવામાં આવ્યું હતું. ડોક્યુમેન્ટ મુજબ આ વેક્સીનને બે ડિગ્રી સેલ્સિયસથી આઠ ડિગ્રી સેલ્સિયસ વચ્ચેના તાપમાન પર રાખવામાં આવી. રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ અંતર્ગત આ જ તાપમાન પર અલગ-અલગ રસીને રાખવામાં આવે છે.

# ૨૦ ડિસેમ્બરથી ૧૦ જાન્યુઆરી દરમિયાન અમદાવાદમાં કાતિલ ઠંડી પડવાની વકી

અમદાવાદ,તા.૧૭

અમદાવાદમાં છેલ્લા અઠવાડિયામાં ઠંડા પવનની અસરથી લઘુતમ તાપમાન ૧૬થી ૧૭ ડિગ્રી આસપાસ પહોંચ્યું છે. ત્યારે ૨૦ ડિસેમ્બરથી ૧૦ જાન્યુઆરી દરમિયાન અમદાવાદમાં કાતિલ ઠંડી પડવાની વકી હવામાન વિશેષજ્ઞે વ્યક્ત કરી છે. જો કે, છેલ્લાં શિયાળાની સિઝનમાં ડિસેમ્બરથી ફેબ્રુઆરીના ૨૦ વર્ષનાં આંકડા મુજબ, અમદાવાદમાં વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં ૧૦ ડિગ્રીથી નીચે લઘુતમ તાપમાન નોંધાતાં કાતિલ ઠંડી પડી હતી.



આ વર્ષે પણ ૨૦ ડિસેમ્બરથી ૧૦ જાન્યુઆરી દરમિયાન શહેરમાં ઠંડીનું જોર વધશે. હવામાન વિશેષજ્ઞ અંકિત પટેલ જણાવે છે કે, આ વર્ષે ડિસેમ્બરથી ફેબ્રુઆરી શિયાળાની સિઝન દરમિયાન ૨૦ ડિસેમ્બરથી લઈને ૧૦ જાન્યુઆરી દરમિયાન ઠંડીનું જોર વધવાની શક્યતા છે. તેમાંય ખાસ કરીને ડિસેમ્બરના અંતથી લઈને જાન્યુઆરીના પહેલાં અઠવાડિયામાં ઠંડીનો પારો ગગડીને ૧૦થી ૧૨ ડિગ્રીની આસપાસ પહોંચવાની શક્યતા હોવાથી કાતિલ ઠંડી પડવાની શક્યતા છે.

કારણ કે, ડિસેમ્બર મહિના દરમિયાન વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ વધુ આવે છે, લોકલ લેવલે વાતાવરણમાં મોટા પાયે ફેરફાર થાય છે. શિયાળાની સિઝનમાં જાન્યુઆરી સૌથી ઠંડા મહિનો હોય છે. કારણ કે, જાન્યુઆરીનું એવરેજ મિનિમમ તાપમાન ૧૨.૪ ડિગ્રી જયારે ડિસેમ્બરનું એવરેજ તાપમાન ૧૩.૪ ડિગ્રી હોય છે.

# માસ્ક ન પહેરવા બદલ સિક્યુરિટી સુપરવાઈઝરને પોલીસે માર્યો ઢોર માર

અમદાવાદ,તા.૧૭

અમદાવાદમાં ફરી એકવાર પોલીસકર્મીની દાદાગીરી સામે આવી છે. પોલીસકર્મીએ પોતાનો રોફ જમાવવા માટે સોસાયટીના સિક્યુરિટી સુપરવાઈઝરને માર માર્યો હોવાની એક ઘટના સામે આવી છે. આ ઘટનામાં માસ્ક મુદ્દે પોલીસકર્મીએ સુપરવાઈઝરને માર માર્યાનો આરોપ લાગી રહ્યો છે. ખોખરા પોલીસ સ્ટેશનમાં પોલીસકર્મી ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. ત્યારે અમદાવાદમાં પોલસકર્મી અને સિક્યુરિટી સુપરવાઈઝરને ઢોર માર માર્યાના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા છે. ફરી એક વખત અમદાવાદ પોલીસની દાદાગીરી સામે આવતા કાયદાના રક્ષક જ કાયદો તોડીને ધજાગરા ઉડાવ્યા છે. અમદાવાદના ખોખરા પોલીસ સ્ટેશનમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા પોલીસકર્મીએ પોતાનો રોફ જમાવવા માટે એક સોસાયટીના સિક્યુરિટી સુપરવાઈઝરને ઢોર માર માર્યો છે. પહેલા તો પોલીસકર્મીએ માસ્ક કેમ નથી પહેર્યું તેમ કહીને સુપરવાઈઝરને માર માર્યો હતો. આ સાથે જ દબાણપૂર્વક ગાડીમાં બેસાડવાનો પણ પ્રયાસ કર્યો હતો. અમદાવાદ પોલીસની આ દાદાગીરીની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વાયરલ વીડિયોમાં દેખાતા પોલીસ કર્મી ભરતભાઈ ભરવાડ હોવાની ચર્ચા પણ ચાલી રહી છે. ભરતભાઈ ભરવાડ ખોખરા પોલીસ સ્ટેશનમાં ડ્રાઈવર તરીકેની ફરજ બજાવવાની પણ ચર્ચા છે. ત્યારે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોય તો શા માટે સરકારી વાહન તેમના નિવાસસ્થાન પર લઈને આવ્યા? નિવાસસ્થાન પર પહોંચ્યા પછી ૧૦૦૦ રૂપિયા દંડ ઉઘરાવવાનો અથવા તો પછી ૧૫૧ કલમ લગાવવાનો અધિકાર કોણે આપ્યો? શું આ પોલીસકમીoof duty પણ સરકારી વાહનોનો ઉપયોગ કરીને ખુલ્લેઆમ દાદાગીરી કરી શકે છે?

# રાજકોટમાં ૨૪ કલાકમાં કોરોનાથી વધુ પના મોત, પોઝિટિવ કેસની સંખ્યા ૧૨ હાજર પાર

રાજકોટ,તા.૧૭

રાજકોટમાં ૨૪ કલાકમાં પના મોત થયા છે. કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૧૨ હજારને પાર પહોંચી છે. અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૧૨ હજાર ૪૮૩ પર પહોંચી છે. જ્યારે રાજકોટની અલગ અલગ હોસ્પિટલમાં ૮૩૦ દર્દી સારવાર હેઠળ છે. રાજકોટમાં બુધવારે ૮૯ દર્દી કોરોના મુક્ત થતા ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં ૧૪૪ લોકોના મોત થયા હોવાનું તંત્રના ચોપડે નોંધાયું છે. શહેરમાં એક જ દિવસમાં માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનની સંખ્યામાં ૭૧ થઈ છે. શહેરમાં નવા માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોન હેઠળ હરિધામ સોસાયટી રૈયારોડ, ગાયત્રીનગર ૧૫૦ ફૂટ રિંગ રોડ, મનહર સોસાયટી નાનામવા રોડ, સુરભી રેસિડેન્સી કોઠારિયા રોડ, ન્યૂ જાગનાથ પ્લોટ, જ્ઞાનજીવન સોસાયટી રૈયા રોડ, ભગવતીપરા શ્રમજીવી સોસાયટી, હરિનગર યુનિવર્સિટી રોડને મૂકવામાં આવ્યા છે. જ્યારે રાજકોટ જિલ્લામાં કુલ ૧૫૪ માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોન છે જેમાં સુંદરમ સોસાયટી માધાપર, લોધિકા તાલુકાના કાંગશિયાળીમાં કોપ એલ ૪૦૩, જામકંડોરણાના તરવડામાં પ્રાથમિક



શાળા પાસે, ઉપલેટામાં પાંજરાપોળ,વીંછિયામાં હનુમાનપરા વિસ્તાર અને જેતપુરમાં અમરનગર રોડ સહિતના વિસ્તારને માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોન હેઠળ જાહેર કરવામાં આવ્યા છે.જકોટ શહેર અને જિલ્લામાં કોરોના રસીકરણ માટે તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રસી માટે સરવેમાં જે મોબાઈલ નંબર રજિસ્ટર્ડ હશે તેમાં ક્યારે અને ક્યા રસી માટે જવાનું છે તેનો મેસેજ આવશે. ત્યારબાદ રસીકરણ કેન્દ્ર પર ચાર ઓફિસરને જુદી જુદી જવાબદારી સોંપવામાં આવી છે. સરવેમાં જેમના રજિસ્ટર્ડ થયા છે તેમને જ રસી મૂકવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published at - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.